


## સલામી સવારની..

*વંદન, દંભી સ્મિત, ચૂંટણી ટાંગી થઈ ગઈ છે,*
*વગ ને પ્રેસરથી 'ટિકીટ' સોંઘી થઈ ગઈ છે,*
*પૂછ્યું નથી કોઈ સાચા સમાજ-કાર્યકરોને -*
*કામ કરોડપતિનું, ચૂંટણી મોંઘી થઈ ગઈ છે!*
*(ધનપાલો ની મનપા)*

હાઈકુ

*તરસ્યાં મૃગ !*
*વિકાસના રણમાં -*
*ભટક્યા કરે...*
*(ઝાંઝવાં ના જળ)*

*બનાવી દીધા !*
*વિશ્વ વંદનીય ને -*
*'દલિત' નેતા !!*
*(સંકુચિત દૃષ્ટિ)*

## ચિંતન

**સતામ્ સદ્‌ભિઃ સંગઃ કથમતિ પુણ્યેન ભવતિ !**

સજ્જનોનો સંત સાથેનો સંગ પુણ્યને બળે બનનારી બહુ વિરલ ઘટના છે.

બધા માણસોને પારસમણિ મળતો હોતો નથી. અત્યંત નસીબવાન માણસોને આવા કિમતી મણિ મળે છે. દરેક ગાય કંઈ કામધેનુ હોતી નથી. દરેક વૃક્ષ કલ્પતરૂ હોતું નથી. છતાં ભગવાનની જો કૃપા હોય તો માણસને કામધેનું યા કલ્પતરૂ મળી આવે છે. જીવન વ્યવહારમાં આપણને ઘણા લોકો મળે છે. પણ બધાં કંઈ સંતજનો હોતા નથી. જો આપણા નસીબમાં હોય તો સંત આપણને મળે છે અને આપણા જીવનમાં આમૂલ પરિવર્તન આણે છે. સંત આપણને ઉન્નતિનો રસ્તો બતાવે છે. આપણા પાપોને દૂર કરે છે. સંતના સંપર્કથી આપણી કાયાપલટ થઈ જાય છે.

## સુવિચાર

- ઈશ્વર તો પરમ કૃપાળુ છે બસ આપણે એના આશીર્વાદ સમજવાની ક્ષમતા કેળવવી પડે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- અમુક માણસો જીંદગી પોતાની વિરુદ્ધ કોણ કેવા કાવતરા ઘડે છે એ શોધવામાં જ ખર્ચી કાઢે છે - **જનકલ્યાણ**
- જીંદગીને મેરે મર્જ કા એક બઢીયા ઈલાજ બતાયા, વક્ત કો દવા ઔર ખ્વાહિશોં કા પરહેઝ બતાયા - **અલ્મા ઈકબાલ**
- સંબોધન બદલવાથી સંબંધ નથી બદલાતાં પણ સંબંધ બદલાવાથી સંબોધન અચૂક બદલાઈ જાય છે - **ભોલાભાઈ ગોલીબાર**
- 'સફળતા' એ તમારી યોગ્યતા છે, જે નિષ્ફળ થયા વગર પણ બીજી કોશિશ માટે તમારા જોશમાં કમી આવવા દેતી નથી - **ચર્ચિલ**
- આજનું ઔષધ : મેથીના પાઉડર ખાલી પેટે એક ચમચી ખાવાથી ૧૦ દિવસમાં લોહીનું દબાણ સામાન્ય થાય છે

(સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

યુવાન શિષ્યએ ગુરુને પુછ્યું - ગુરુજી મારે ખૂબ ઝડપથી ઈશ્વરની પ્રાપ્તિ - સાક્ષાત્કાર કરવો છે મને ટૂંકો સરળ રસ્તો બતાવો... હું ખૂબ જ ઉતાવળમાં છું મારે મારાં કારનામાં અને ફેક્ટરીઓની મુલાકાતે જવાનું છે.

ગુરુજીએ સ્મિત સાથે કહ્યું, બેટા અધ્યાત્મમાં - ઈશ્વરની પ્રાપ્તિમાં આવી ઉતાવળ કામ ન આવે - પહેલાં વ્યગ્ર મનને શાંત કરવું પડે, શાંત અને સ્થિર મનમાં જ ભક્તિ આવે... એક કઠિયારો બુઠ્ઠી કુહાડીથી લાકડાં કાપવા જતો - ખૂબ પરિશ્રમ પછી માંડ થોડાં લાકડાં મળતાં - પણ એક બુદ્ધિમાને તેને શાંતિથી એક આખો દિવસ કુહાડીની ધાર કાઢવા માટે 'સમય' આપવા સમજાવ્યો પછી - સારી રહી લાકડાં કાપી શક્યો.

મન - બુદ્ધિને ધાર કાઢવા માટે શાંત મનની સાધના જરુરી છે તો જ અધ્યાત્મમાં પ્રગતિ થઈ શકે...

# જળહીન ધરા થઈ છો દયા હીન થયા નેતા...

હજી તો એપ્રિલ માંડ અડધો વીત્યો છે ત્યાં દેશમાં કેટલાંક રાજયોમાં દુષ્કાળની પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. મહારાષ્ટ્ર જેવું પ્રગતિશીલ રાજય પાણીસંકટથી પીડાઈ રહ્યું છે. 'જલ હી જીવન હૈ' નાં સૂત્રો પોકારવાથી તરસી ધરતીને કે પ્યાસા માનવીની તરસ છિપાવાઈ શકે નહીં તો પીવાનું પાણી પહોંચે એટલી વ્યવસ્થા તો કરવી જ પડે. પરંતુ આવા ભયંકર જળસંકટ છતાં નેતાઓને તો મહારાષ્ટ્રમાં આઈપીએલની લખલૂટ કમાણીવાળી ક્રિકેટ મેચો રમાડવામાં જ રસ હતો. આખરે અદાલતોએ એમનો આદેશ કરવો પડ્યો ત્યારે એમની સાન ઠેકાણે આવી અને મહારાષ્ટ્રમાં ૩૦મી તારીખ પછીની મેચો રદ કરવાની ફરજ પડી. જો કે નેતાઓને તો બોચીમાં આંખો હોય છે એટલે નજર સામે માણસ કે પશુપક્ષી ભૂખતરસથી તરફડતું હોય તો તે ન જ દેખાય એ સ્વાભાવિક છે. એના પુરાવા પણ એમની અમાનવીય વર્તણૂકમાંથી મળતા રહે છે. લાતૂરમાં કયારેક કચ્છમાં આવ્યો હતો એવો જ ભયાનક ભૂકંપ આવેલો અને આજકાલ ત્યાંની પ્રજા પાણીની એક એક ટીપા માટે તરસી રહી છે. જળાશયો સુકાઈ ગયા છે. પાણી વગર તરફડતાં પશુઓ અને માનવીઓ ગંદા જળાશયોમાં બચેલું કાદવિયું, રોગજનક પાણી પીને તરસ છિપાવવા કોશિશ કરે છે. છેલ્લે છેલ્લે સ્પેશિયલ પાણી ટ્રેનો ચાલુ થઈ છે અને એ રીતે આંશિક રીતે પીવાના પાણીની સમસ્યા ઉકેલવાનો અદ્ધરતાલ દેખાવ જરુર કરાઈ રહ્યો છે. પરંતુ રાજય સરકારના કૃષિ અને મહેસૂલ મંત્રી તથા મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટીના સિનિયર મોસ્ટ નેતા એકનાથ ખડસે દુકાળગ્રસ્ત વિસ્તારની મુલાકાતે જવામાં પણ હેલિકોપ્ટર દ્વારા પ્રવાસ કરે છે. લાતૂર જિલ્લા મથક છે. ત્યાંથી માત્ર ૪૦ કિ.મી.ના અંતરે આવેલ બેલકુંડની મુલાકાતે જવા માટે એમણે હેલિકોપ્ટર જ વાપર્યું, જેના ઉતરાણ માટે હેલિપેડ તૈયાર કરવા માટે દસ હજાર લિટર જેટલું પાણી વેડફી નાખવું પડ્યું. ટીપા ટીપા માટે તરસતી પ્રજાની નજર સામે આ વૈભવી ખેલ

## તંત્રીસ્થાનેથી...

યોજાયો - છતાં ભારતીય જનતા પાર્ટીના આ 'ઓબીસી' નેતાને એમાં કશું જ ખટક્યું નહીં, તે જ દર્શાવે છે કે સત્તા મળ્યા પછી ગરીબ વર્ગમાંથી ચૂંટાતા આગેવાનો પણ કઈ હદે નિષ્ઠુર બની જતા હોય છે. એવી જ નિષ્ઠુરતા આપણા ધર્માચાર્યોનાં નિવેદનોમાંથી પણ ટપકતી રહે છે. કયારેક એકનાથ નામના જ મરાઠી સંતે એમની સાથે ભગવાનના અભિષેક માટે લીધેલું મશકનું ઠંડુ પાણી રસ્તામાં તરફડતા ગધેડાને પિવડાવી દીધું હતું. આજે દ્વારકા અને બદ્રીનાથ જેવી બે ગાદીઓનાં શંકરાચાર્ય દુકાળ પડવા પાછળ સાંઈ પૂજા જવાબદાર છે, એવું વાહિયાત નિવેદન કરીને ગરીબ ગ્રામીણ પ્રજાની કેવી ક્રૂર ઠેકડી ઉડાડે છે! આપણા નેતાઓ અને ધર્માચાર્યોએ જાણે સંવેદના જ ગુમાવી દીધી હોય એવું નથી લાગતું?

# પ્લાસ્ટિક પ્રદૂષણ - દરિયાઈ જીવસૃષ્ટિ પર ખતરો




વિશ્વના કોઈ પણ દરિયાકાંઠો કે બીચ પર નજર કરો પ્લાસ્ટિક કચરાના દર્શન થશે. યુનાઈટેડ નેશન્સના દરિયાઈ પ્રદૂષણ નિષ્ણાંતો અને વૈજ્ઞાનિકોના અભ્યાસ મુજબ જમીન પર પેદા થતાં પ્રદૂષણનો ૮૦ ટકા ભાગ વિશ્વના દરિયામાં ભળે છે અને તે પૈકી ૬૦ થી ૯૦ ટકા પ્રદૂષણ એ પ્લાસ્ટિક કચરાનું હોય છે. એવું કહેવાય કે જમીન પરનું પ્લાસ્ટિક પાણી વાટે નદીમાં વહીને તેના અંતિમ સ્થાન દરિયાને મળે છે.

વર્ષ ૨૦૦૮માં સમગ્ર વિશ્વમાં પ્લાસ્ટિકનો વપરાશ ૨૬૦ મીલીયન ટન હતો. જે વર્ષ ૨૦૧૨ની ગ્લોબલ ઈન્ડસ્ટ્રી એનલાસીટ્ પ્રમાણે વર્ષ ૨૦૧૫માં ૨૯૭.૫ મિલિયન ટન પહોંચવાનો અંદાજ હતો.

વર્ષ ૧૯૭૦ ના સમયગાળા દરમિયાન સહુપ્રથમ દરિયાઈ પ્લાસ્ટિક પ્રદૂષણની હાજરી ગંભીરતાપૂર્વક નોંધવામાં આવી. યુરોપ, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા, એશિયા અને એન્ટાર્કટીકાના દરિયાના પાણીમાં અને દરિયાના તટો પર પ્લાસ્ટિક પ્રદૂષણની હાજરી નોંધાઈ છે. આજે પૃથ્વીનો કોઈ દરિયાઈ ભાગ એવો નથી કે જયાં પ્લાસ્ટિક પ્રદૂષણની હાજરી જોવા ન મળતી હોય. અગાઉના સમય કરતાં આજે આ પ્રમાણ ૨૦૦૦ ગણું વધારે જોવા મળી રહ્યું છે.

વર્ષ ૨૦૧૫ના ફેબ્રુઆરી માસના ગાળામાં 'સાયન્સ મેગેઝીન' દ્વારા પ્રકાશિત થયેલ એક અહેવાલ મુજબ પ્રતિ વર્ષ ૪.૮ થી ૧૨.૭ મિલિયન ટન પ્લાસ્ટિક કચરો વિશ્વના દરિયાઓમાં ભળે છે. આ વિષયના સંશોધકોના અભ્યાસ પ્રમાણે દરિયાકાંઠો ધરાવતાં હોય તેવા ૧૯૨ દેશો ૨૭૫ મેટ્રિક ટન જેટલો કચરો પેદા કરે છે અને આ પૈકીના પ્રથમ ૨૦ દેશોનો વિશ્વના દરિયાઓમાં ભળતાં પ્લાસ્ટિક કચરાનો હિસ્સો ૮૩ ટકા છે. આપણો દેશ ભારત ૦.૦૯ થી ૦.૨૪ મેટ્રિક ટન પ્લાસ્ટિક કચરો દરિયામાં ઠાલવતાં દેશોમાં ૧૨માં ક્રમે આવે છે. જયારે અમેરિકા ૦.૦૪ થી ૦.૧૧ મેટ્રીક ટન સાથે ૨૦માં ક્રમ છે.





દરિયામાં ઈન્ડસ્ટ્રીયલ અને ડોમેસ્ટ્રીક પ્લાસ્ટિક વેસ્ટનાં અંશો મળી આવે છે. ડિસેમ્બર ૨૦૧૪ના એક અભ્યાસ પ્રમાણે વિશ્વના દરિયામાં ૫.૨૫ ટ્રીલીયન્સ પ્લાસ્ટિક પાર્ટીકલ્સ તરતાં મળી આવ્યા છે. તેમાં કેટલાક તો માનવોના વાળ કરતાં પણ નાના છે. લાલા, બદામી, કથ્થાઈ અને વાદળી જેવાં જુદા-જુદા રંગના પ્લાસ્ટિકના પાર્ટીકલ્સ કે પેલેટ્સ ને દરિયાઈ જીવો ખાસ કરીને પત્રીઓ અને માછલીઓ તેમનો ખોરાક સમજીને ખાઈ જાય છે. આવી રંગીન પ્લાસ્ટિકની ગોળીઓને 'મત્સ્ય કન્યાના આંસુ' (Mermainds tears) પણ કહેવામાં આવે છે.

વ્હેલ, ડોલ્ફીન, સીલ્સ, સી-લાયન્સ જેવા દરિયાઈ સસ્તન પ્રાણીઓ, દરિયાઈ કાચબાઓ અને અન્ય સરિસૃપો, દરિયાઈ પક્ષીઓ, માછલીઓ વગેરેના જલીય વાસ સ્થાનો કે પરિસરતંત્રો પ્લાસ્ટિક કચરાથી નાશ પામે છે. તેમની પોષણ કળીઓ કે આહાર જાળો તૂટી રહ છે. નેશનલ ઓશનોગ્રાફી અને એટમોસ્ફીયરીક એડમીનીસ્ટ્રેશનના અહેવાલ પ્રમાણે પ્રતિ વર્ષ ૧,૦૦,૦૦૦ થી વધારે દરિયાઈ સસ્તનો પ્લાસ્ટિક પ્રદૂષણને કારણે મૃત્યુ પામે છે.

એવું કહેવાય છે કે ૧૫ લાખ જેટલા લાયસન આલ્બટ્રોસ નામના દરિયાઈ પક્ષીઓના પાચનતંત્રમાં પ્લાસ્ટિકના અવશેષો જોવા મળ્યા છે. આ પૈકી ૫ લાખ જેટલા બચ્ચાઓ માટે આવું પ્લાસ્ટિક અવરોધરુપ બનતું હોઈ જીવલેણ બને છે. ગ્રીનપીસ સંસ્થાના વર્ષ ૨૦૦૬ના સંશોધન અહેવાલ પ્રમાણે ૨૬૭ જેટલી દરિયાઈ પ્રાણીની જાતિઓ પર પ્લાસ્ટિક કરચાની આડઅસરો જોવામાં આવી રહી છે.

સુંદર મજાના બીચ, ટાપુઓ, દરિયાકાંઠાઓ અને સ્વચ્છ દરિયાઈ જળ હવે પ્લાસ્ટિક કચરાની ગંદકીથી ઉભરાઈ રહ્યા છે. શાંત, જમીન અને દરિયા પર હાજર, સદા વધતું અને આપણે વિચારતાં હતાં તેનાથી વધુ ઝેરી પ્લાસ્ટિક પ્રદૂષણ દરિયામાં ગંભીર રીતે ફેલાઈ ચુક્યું છે. દરિયાઈ જીવસૃષ્ટિ પરની તેની હાનિકારક અસરો ચિંતાજનક છે. પ્લાસ્ટિક વેસ્ટનું સમજદારીપૂર્વકનું વ્યવસ્થાપન હવે ગંભીરતાપૂર્વક કરવામાં નહિ આવે તો અબજો દરિયાઈ જીવોનો કાયમી અંત લાવી દેશે.

# મસ્તી...મજા...મનોરંજન અને...મની...!!!




દિલ્હી ડેરડેવિલના કાલીસ બ્રેથવેટનો બોલ ને કિંગ્સ ઈલેવન પંજાબના પૂછડિયા સાહુના બલ્લાનો ચમત્કાર...ઔર યે લગા સિક્સર...! ટેટે ટેટે કરતું પપુડું ગાજી ઉઠે આખ્ય સ્ટેડીયમમાં અને સીટીઓ..તાલીઓ અને મોબાઈલના કેમેરાના ફ્લેશોના ચમકારાઓ....! મજાની વાત એ છે કે આઈ બેટ જો સ્ટેડીયમમાં ૩૦,૦૦૦નું ક્રાઉડ હોય તો ઓછામાં ઓછા અર્ધા એવા હશે કે જેના ખબર જ નહિ હોય કે સિક્સ ગઈ...એ તો પપુડાના અવાજથી જાગી જવાના અને માંડવાના મજા લૂટવા...! જાગી જવાના મતલબ સુતા નાં હોય પણ યુ કનો મેચ જો આઈપીએલનો હોય તો માની જ લેવાનું કે સ્ટેડીયમમાં ક્રિકેટ, મેચ, બલ્લેબાજી, બોલિંગ, ફિલ્ડીંગ સિવાય પણ ઘણું જોવાનું હોય છે અને ૫૦૦, ૮૦૦ કે ૧૨૦૦ની ટીકીટ ખર્ચીને આવેલો આમ ક્રિકેટરસિયો ક્રિકેટની સાથે સાથે બીજી અઢળક મજા લૂટીને જ ઘરે જવાનો...ગેરેન્ટેડ! યસ, આ જ તો છે ઈન્ડિયન પ્રીમિયર લીગની સફળતા નું રહસ્ય...! અંદાજે પાંચ કલાક જલસો જલસો ને જલસો જ...! ક્રિકેટ પંડિતો અને ક્રિટિકસો ને જે બગાઈઓ મારવી હોય એ મારે...દર્શકને એનાથી કોઈ ફેર પડવાનો નથી...!! એને મન તો આરસીબીમાં વિરાટને જોવો કે ગુજરાત લાયનમાં જાડેજાને જોવો એ જ લહાવો છે..! અને એ લાહવા લૂટવા તો એ આવ્યો છે પૈસા ખર્ચીને...! અને આ જ લાઈન પર છુપાયેલું છે આઈપીએલની સફળતાનું રહસ્ય...!

આઈપીએલ ઉર્ફે ઈન્ડિયન પ્રીમિયર લીગ ઉર્ફે જેને ઘણા મજાકમાં ઈન્ડિયન પૈસા લીગ પણ કહે છે એ ભલે કોઈને ક્રિકેટનું સત્યાનાશવાળી લાગતી હોય કે પછી કોઈને આ તો સાચું ક્રિકેટ નથી એમ લાગતું હોય પણ એક દર્શકની રીતે જોવા જાવ તો આઈપીએલની સાચી સફળતા અથવા તો એના તરફ લોકોના આકર્ષાવાનું મહત્વનું કારણ બીજું કોઈ હોય તો એ છે મજ્જા...મનોંજન અને ફૂલ્લ્લ ટુ ધમ્માલ...! સી, ૨૦-૨૦ વર્લ્ડ કપ હમણા જ પૂરો થયો છે. જેને સીરીયસ અને સાચું ક્રિકેટ જોવાનો શોખ હોય એના માટે તો એ કાર્નિવલ પૂરો થઈ ગયો. પણ જો કોઈ આઈપીએલમાં પણ એ જ ગુણો શોધવા માંગતા હોય તો ખાંડ ખાય છે કેમકે રીઝન સિમ્પલ છે. આ મજ્જા અને મનોરંજન ક્રિકેટ છે...યસ ક્રિકેટ તો છે જ પણ મસ્તી...મજા અને મદહોશીના રેપરમાં વીંટાળેલું છે. રેપર પણ પાછું આકર્ષક છે અને યસ એની અંદરનું મટીરીયલ પણ. ટીકીટ ખચીને કે પછી સ્પોન્સરની મફતિયા ટીકીટ પર મેચ જોવા આવેલા ને હરગીઝ એવું નથી હોતું કે જાડેજાની ઓફ બ્રેક કે રોહિતની સિક્ષ ચૂકાય જાય. પણ શું છે કે ગ્રાઉન્ડ અને મેચનો માહોલ જ એવો રહેવાનો કે કદાચ ચૂકાય જાય તો પણ ચુકી જનાર ને બહુ અફસોસ નહી જ થાય. માલુઈમ કયું...? કયું કી આઈપીએલની મેચમાં ઓલમોસ્ટ બધા જ મસ્તી...ફન અને મનોરંજનના મુડમાં રહેવાના...અને પ્લીઝ નોટેડ કે આમાં ખાલી દર્શકો જ નહિ પણ ખેલાડીઓ પણ આવી જાય...!

આઈપીએલની નવમી સીઝન ઓલરેડી સ્ટાર્ટ થઈ ગઈ છે અને નવ નવ સીઝનની ધમાકેદાર સફળતા પરથી એટલું તો કહી જ શકાય કે આઈપીએલ ઈઝ ઓલ અબાઉટ મની...માર્કેટિંગ અને મજ્જા...! સી એવું નથી કે જગતમાં બીજે ક્યાય આ પ્રકારની મેચીઝ નથી રમાતી પણ જે સફળતા આઈપીએલને મળી છે એવી બીજા દેશોમાં બીજી કોઈ આવી લીગને નથી મળી જ. અને એનું કારણ છે મજબુત માર્કેટિંગ અને બીજું કારણ છે ખર્ચેલા પૈસાનું પૂરેપૂરું વળતર...પછી ચાહે એ પૈસા ટીમ ઓનરના ખર્ચેલા હોય કે પછી દર્શકોના...! એકવાર તમે ગ્રાઉન્ડમાં એન્ટર થાવ એટલે આયોજકોની એ ગેરેંટી કે તમે ફૂલ મનોરંજન મેળવીને જ બહાર નીકળશો. આખુયે સેટઅપ જ એ પ્રકારનું છે કે એક મિનીટ પણ જોનારને કંટાળો આવે જ નહિ. જો મેચ નીરસ હોય કે વન સાઈડેડ હોય તો પણ જે દર્શકો હોમ ટીમને સપોર્ટ કરતા હોય અથવા જે ટીમ હોમ ગ્રાઉન્ડ પર રમતી હોય એના દર્શકો તો જોશમાં જ રહેવાના અને આમ તો આઈપીએલમાં હોમ અને અવે એમ બે ટીમ ભલે ને રમતી હોય અને ભલે ને દર્શકો પણ એ જ રીતે વિભાજીત રહેતા હોય પણ સરવાળે તો સ્ટેડીયમમાં બેઠેલા બધા જ લોકો ક્રિકેટ અને બંને ટીમના સ્ટાર પરફોર્મર ને જોવાના...વધાવવાના...ચીયર કરવાના...!

આઈપીએલની મજા એમાં છુપાયેલી છે કે બાકીના આમ દિવસોમાં એક બીજા સામે જી જાનથી લડતા સ્ટાર ખેલાડીઓ અહી ખભા મિલાવીને રમતા જોવા મળે..!!! એક જ ટીમમાં ત્રણ-ચાર દેશોના શ્રેષ્ટ ખેલાડીઓ અને એની ફટાફટ ક્રિકેટની મજા લૂટવા માટે આઈપીએલ બેસ્ટ મ બેસ્ટ...! લગભગ એક પણ દેશ એવો નહિ હોય કે જેના ખેલાડીઓ આઈપીએલમાં રમતા નહી હોય...ઈનફેક્ટ અમુક તો ખાલી આઈપીએલમાં જ દેખાય છે! બસ બીજું શું જોઈએ ક્રિકેટના દિવાનાઓને...? આઈપીએલની જે પેટર્ન હોય કે જે તર્જ પર રમતું હોય એ બધું જ ગૌણ છે આ સ્ટાર ખેલાડીઓને એકસાથે રમતા જોવામાં...!!! આઈપીએલ એ સાબિત કરી બતાવ્યું છે કે ક્રિકેટમાં માર્કેટિંગનું કેટલું મહત્વ છે. નો ડાઉટ આજકાલ ક્રિકેટ પોતે જ બીઝનેસ બની ગયું છે પણ સરવાળે તો દર્શકોનું મનોરંજન જ થાય છે ને...? અને એનાથી પણ આગળ અનેકો એવા ખેલાડીઓ થોડા ઘણા પૈસાદાર થાય છે કે એમની નામના થાય છે એનું કદાચ પહેલું પગથીયું આઈપીએલ જ છે..!!! સી, પૈસા તો હવે લગભગ દરેક રમતનું અવિભાજ્ય અંગ બની ગયું છે. ઈવન તમારા ગામ કે શહેરમાં ઉનાળામાં આયોજિત થતી ક્રિકેટ ટુર્નામેન્ટ પણ હવે તો લાખોમાં રમતી થઈ ગઈ છે કેમકે ક્રિકેટ કે અન્ય રમતમાં આકર્ષણ જ મહત્વનું છે. એવું કશુક હોવું તો જોઈને જે દર્શકોને સ્ટેડીયમ સુધી ખેચી લાવે અને અહી જ આઈપીએલ અવ્વલ છે...!

સી ટીકાકારો તો ટીકા કરવાના જ કેમકે આઈપીએલની આટલી સફળતા સ્વાભાવિક છે કે ખુચ્વાની અને બીજું કે આઈપીએલના ફટાફટ ક્રિકેટ અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ફરક તો રહેવાનો જ.'' આ ક્રિકેટ નથી... આ ક્રિકેટ નથી...પણ તમાશો છે...'' આવું કહેનારા સાવ ખોટા પણ નથી જ અને સાવ સાચા પણ નથી કેમકે આ ક્રિકેટ તો છે જ પણ યસ આમાં મનોરંજન વધુ છે...આમાં ઝગમગાટ વધુ છે...આમાં દર્શકો વધુ ઈન્વોલ્વ થાય છે...આમાં કશુક એવું છે જે ખેંચે છે..આકર્ષે છે અને રસ અને રોમાંચ ટકાવી રાખે છે..! હવે આ અનેકો ફેક્ટરમાં એક ફેક્ટર કદાચ વિવાદો પણ છે. આઈપીએલ અને વિવાદને ચોલી-દામનનો સંબંધ રહ્યો છે...પહેલેથી જ...! આઈપીએલની નવી સીઝન શરુ થાય અને વિવાદ કે વિવાદો નાં ઉઠે તો જ નવાઈ...! એ પછી લલિત મોદીનો વિવાદ હોય (જે હજુ પણ ખેંચાઈ રહ્યો છે)... ટીમોને રદબાતલ કરવાનો વિવાદ હોય... મેચ ફિક્સિંગનો વિવાદ હોય... ફ્રેન્ચાઈઝીની ખરીદીને લાગતો વિવાદ હોય... દુષ્કાળને લીધે મેચો બદલવાનો વિવાદ હોય કે પછી કોમેન્ટ્રટરોની હકાલપટ્ટીનો વિવાદ હોય...! પણ આઈપીએલની એક પોઝીટીવ કે પછી ફાયદાકારક વાત એ છે કે આટલા વિવાદો છતાં પણ આઈપીએલની લોકપ્રિયતા અડીખમ છે અને રહેવાની પણ. વિવાદ નહિ તો આઈપીએલ નહિ અને એનું કારણ છે ચિક્કાર પૈસો...! અને

**અનુસંધાન પાના નં. ૭ પર**

# ગુજરાતી સાહિત્યમાં લુપ્ત થતી કલાના કસબી - કોશ અને સૂચિકાર : ડૉ. કિરીટ શુકલ






ગુજરાતી ભાષામાં આજે સાચા સંશોધકો ખુબ જ ઓછા રહ્યા છે. સાચા સંશોધનો કહી શકાય એવા સંશોધનો આંગળીને વેઢે ગણી શકાય એટલા હશે. અને એમાંય જે છે તેની પ્રામાણિકતા વિશે પણ પ્રશ્નો ઊભા કરવામાં આવે છે. ખાસ કોઈ ચોક્કસ વિભાગમાં સતત સંશોધન કરતું રહેવું એ મારી દષ્ટિએ એક જાતની તપસ્યા જ છે. ગુજરાતી ભાષામાં આવું જ એક વણસ્પર્શ્યું સંશોધનકાર્ય છે. ''સૂચિકાર્ય''જેને બહું ઓછા લોકો સ્પર્શ્યા છે. આમ જોઈએ તો પ્રથમ દૃષ્ટિએ એમ જ લાગે કે સૂચિકાર્ય એ કાંઇ થોડું સંશોધન કહેવાય? પણ જો આપણે વિવેચન અને સંશોધન વચ્ચેનો ભેદ સમજીશું તો ચોક્કસ આપણને સમજાશે કે સૂચિકાર્ય એ વિવેચન તો નથી જ. શુદ્ધ સંશોધન જ છે. જેના દ્વારા અભ્યાસૂઓને, વિવેચકોને, સંશોધકોને, ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને એક આખા યુગની માહિતીની પાયારૂપ વિગતો આવી સૂચિઓમાંથી મળી રહે છે.

ગુજરાતી સાહિત્યમાં બહુ ઓછા સૂચિકારો આજે કાર્યરત છે જેમાં ગુજરાત સાહિત્ય અકાદમીમાં ગ્રંથપાલ તરીકે ફરજ બજાવતા ડૉ. કિરીટ શુકલનું નામ આ ક્ષેત્રમાં અગ્ર હરોળની મૂકી શકાય છે.

પ્રચાર અને પ્રસિધ્ધિથી હંમેશાં દૂર રહેતા ડો કિરીટ શુકલ મૂળે ખેડા જિલ્લાના મહેમદાબાદ તાલુકાના ''સિંહુજ'' ગામના વતની. આ સિંહુજ ગામની ઓળખ એ પણ છે કે અહીં મધ્યકાળના પદ્યવાર્તાકાર શામળ ભટ્ટે બત્રીસ પુતળીની વાર્તાઓની રચના આ ગામના આશ્રિત થઈને કરી હતી.

ડૉ. શુકલએ પોતાનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અને કૉમર્સના સ્નાતક સુધીનું શિક્ષણ સિંહુજ બાજુના એક કસ્બા મહુધામાં પૂર્ણ કરીને નડિયાદની આઇ.વી. પટેલ કોમર્સ કૉલેજમાં માસ્ટર ડિગ્રીનું પ્રથમ વર્ષ પૂર્ણ કરેલું પરંતુ સમય અને સંજોગોને કારણે બીજુ વર્ષ પૂર્ણ કરી શકતા નથી. જો કે આનું એક કારણ એમ પણ ગણી શકાય કે એમના માટે કુદરતે બીજું કોઈ ક્ષેત્ર પસંદ કરી રાખ્યું હશે કે જ્યા એમની સાચી શક્તિનો આવિર્ભાવ થવાનો હશે.એ સમયે સરદાર પટેલ યુનિવર્સિટી - વલ્લભ વિદ્યાનગરમાં તેમણે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિષયનો સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ પસંદ કરી બેચલર ઓફ લાયબ્રેરી સાયન્સમાં ગ્રજ્યુએશન મેળવ્યું અમે કૉમર્સમાંથી ગ્રંથાલય વિજ્ઞાનની એક નવી દિશા પકડી. તેઓ એ સમયે કદાચ નહોતા જાણતા કે આ નવી દિશા એમને ક્યાં લઈ જશે. અને ૧૯૮૩માં ગુજરાત સાહિત્ય અકાદમીની સ્થાપના થઈ અને અકાદમીમાં તેઓ થોડો સમય હંગામી અને ૧૯૮૪થી ગ્રંથપાલ તરીકે કાયમી નિમણૂંક પામે છે. આ ગાળામાં તેઓ ગુજરાત ગ્રંથાલય વિજ્ઞાનના વિદ્વાન ડૉ. શિવદાનભાઈ ચારણ, લોકસંશોધક ડૉ. બળવંત જાની ડૉ. નરેશ વેદ, ડૉ. જશવંત શેખડીવાળા વગેરેના સંપર્કમાં આવી તેમની સૌની પ્રેરણા અને પ્રોત્સાહનથી અભ્યાસ છોડ્યાના ૧૮ વર્ષ બાદ હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી - પાટણ ખાતે માસ્ટર ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સનો ઉચ્ચ અભ્યાસ શરું કરીને પૂર્ણ કરે છે. અને આ જ યુનિવર્સિટીના ગ્રંથપાલ ડૉ. મણિલાલ પ્રજાપતિના માર્ગદર્શનમાં લઘુશોધ કાર્ય પણ કરે છે. અને ડૉ. શિવદાન ચારણના માર્ગદર્શનમાં ''હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ સંલગ્ન ગ્રામસેવા મહાવિદ્યાલયોના ગ્રંથાલયોનો સર્વગ્રાહી અભ્યાસ '' વિષય પર પીએચ.ડી પદવી પણ (વર્ષ-૨૦૦૫) મેળવે છે.

ડૉ. કિરીટ શુકલની આ શૈક્ષણિક યાત્રામાં અકાદમીમાં ગ્રંથપાલ તરીકે થયેલી નિમણૂંક અને ગ્રંથાલય વિજ્ઞાનમાં મેળવેલી માસ્ટર ડિગ્રી વચ્ચેનો ૧૬ વર્ષનો ગાળો એમના માટે ખુબ જ બહુમૂલ્ય રહ્યો છે. એક તો સાહિત્ય અકાદમી જેવી ગુજરાતી ભાષાની જાણીતી સંસ્થામાં રહીને તેઓ અનેક સાહિત્યકારોના પરિચયમાં આવ્યા. શિક્ષણ અને સાહિત્યની સાચી સમજ કેળવી વળી ગ્રંથપાલ હોવાને નાતે ગુજરાતી, હિંદી, અંગ્રેજી ભાષાના અનેક સામયિકોના સંપર્કમાં આવ્યા આ બધાને સાચવી એની માવજત કરતા થયા. અને આ સામયિકોમાં પ્રગટ થતા સાહિત્યના મૂલ્ય વિશે તેઓ વિચારતા થયા. આ બધી માહિતીના સંગ્રહનું એક આંદોલન એમના માનસમાં ક્યારનું ય શરું થઈ ગયું હતું અને એનું પરિણામ આપણી સામે છે. તો વળી અકાદમીમાંથી બે વર્ષ પ્રતિનિયૂક્તિથી તેઓને ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં એ વખતે શ્રી નરેન્દ્ર મોદીના શિક્ષણ સલાહકાર - શિક્ષણવિદ શ્રી ડૉ. કિરીટ જોશી સાથે સતત બે વર્ષ રહીને શિક્ષણની નવી પદ્ધતિઓ અને એનું નવિનીકરણ કેમ કરવું એ પણ શીખવા મળ્યું.

ડૉ. કિરીટ શુકલએ કરેલા સૂચિકાર્યની થોડી વિગતો જોઈએ તો સૌ પ્રથમ એમના આ કાર્યનો આરંભ થાય છે. અકાદમીના મુખપત્ર 'શબ્દસૃષ્ટિ'થી. આ સાહિત્યિક સામયિકની એક પરંપરા રહી છે કે દર વર્ષે ડિસેમ્બરમાં આખા વર્ષની કર્તા, કૃતિ, વિષયસૂચિ પ્રગટ કરવી. જે ૧૯૮૩થી ૨૦૧૪ સુધી કુલ ૩૧ વર્ષ આ સૂચિનું કાર્ય ડૉ. કિરીટ શુકલએ સંભાળ્યું છે. તો વળી રાજ્ય સરકાર દ્વારા પુરસ્કૃત પુસ્તકોના લેખકોની સૂચિ (૧૯૬૦ થી ૧૯૮૪) સુધીનું કાર્ય પણ તેમણે કર્યું છે. જે શબ્દસૃષ્ટિના નવેમ્બર-૧૯૮૫ના અંકમાં (પૃ.૫૫ થી ૬૧) પ્રગટ થયું છે. તો વળી શિષ્ટમાન્ય પુસ્તકોની ૧૩ પૃષ્ઠોની સૂચિ જૂન-જુલાઈ-૧૯૮૬ના શબ્દસૃષ્ટિના અંકમાં જોવા મળે છે. સાહિત્યિક સંસ્થાઓની ૧૪ જેટલા પૃષ્ઠોની સૂચિ સપ્ટેમ્બર - ૧૯૮૮માં અને વિદ્યમાન વેદ પંડિતોની ૮ પૃષ્ઠોની સૂચિ નવેમ્બર-૧૯૯૨ના અંકમાં અને માર્ચ-૯૮ના અંકમાં મનુભાઈ પંચોલી'દર્શક'ની સમગ્ર ગ્રંથસૂચિ પણ પ્રગટ કરવામાં આવી છે.

ગુજરાત સરકાર અને સાહિત્ય સાથે થયેલા વિશિષ્ઠ કાર્યને સૂચિ સ્વરૂપે મૂકનાર આ ડૉ. શુકલએ લોકસાહિત્ય ક્ષેત્રે પણ નોંધપાત્ર સૂચિકાર્ય કર્યું છે. સાહિત્ય અકાદમી દ્વારા ''લોકગૂર્જરી'' સામયિક પહેલા વાર્ષિક અને હવે ત્રૈમાસિક પ્રગટ થાય છે. જેના વાર્ષિક અંક - ૧ થી ૧૧ ની સૂચિ લોકગુર્જરીના અંક - ૧૧માં ૧૭ જેટલા પૃષ્ઠોમાં વિષય પ્રમાણે સચવાયેલી પડી છે. જ્યારે અંક-૧૪માં ૮ પૃષ્ઠોમાં લોકસાહિત્ય વિષયક પ્રકાશનોની સૂચિ જોઈ શકાય છે. બીજી તરફ એક આવી સૂચિ અંક નં. ૧૭માં (૨૦૦૫)માં પ્રગટ કરી હતી. લોકગૂર્જરીની વાર્ષિકસૂચિ સળંગ અંક-૨૭, ત્રૈમાસિક પ્રથમ વર્ષ, ચતુર્થ અંક - ૨૦૧૩માં પ્રગટ કરી હતી જ્યારે દ્વિતીય વાર્ષિક સૂચિ ૨૦૧૪માં આપી. ૨૫ પૃષ્ઠોમાં વનવાસી સાહિત્યની સૂચિ લોકગૂર્જરી - અંક - ૨૩ (૨૦૧૧)માં પ્રગટ કરીને ડૉ. શુકલએ આ ક્ષેત્રે પણ પોતાની સૂઝ,સમજ અને અભ્યાસનિષ્ઠાનો પરિચય આપ્યો છે.

આ ઉપરાંત ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ-ગાંધીનગરના મુખપત્ર 'પ્રત્યાયન'માં ડૉ. શુકલએ '' ગિજુભાઈ બધેકાનું સાહિત્ય

**અનુસંધાન પાના નં. ૭ પર**